**સુરતના બીજી મજૂર અદાલતના ન્યાયાધીશ**
**શ્રી એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૨૧૯/૨૦૨૬**

**<u>આંક–૮</u>**

**ફરિયાદી– કારખાના નિરીક્ષકશ્રી,જે.એન.વસાવા,સુરત.**

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી– શ્રી નારાયણ એસ.આશોપા–મેનેજરશ્રી,ઉ.આ.વ.૫૮**
કારખાનાનું નામ–અન્નપુર્ણા ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી.
સરનામુ–પ્લોટ નં.૨૧૦/બી,જી.આઇ.ડી.સી.–
પાંડેસરા,સુરત
રહે.ઈ ટાવર,૭ એ–રત્ના જયોતિ એપાર્ટમેન્ટ,નંદની
એપાર્ટમેન્ટ ઓઆસે,વેસુ,સુરત

**ગુનોઃ કારખાના ધારા–૧૯૪૮ ની કલમ–૬૧ સાથે વાંચતા ગુજરાત કારખાનાનાં નિયમો–૧૯૬૩ ના નિયમ–૮૭ ના ભંગ બદલ**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરિયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરિયાદ નોંધાવી છે.ત્યારબાદ આરોપીને સદરહું ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરિયાદની નકલ આપી.તેઓને ફરિયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે જે આંક–૬ થી રજુ છે અને આંક–૭ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત નિયમોના ભંગ બદલ કારખાના ધારાની કલમ–૯૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરે છે.આરોપી સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ,આરોપીની સામાજીક આર્થિક જવાબદારી,આરોપીનો પુર્વ ઇતિહાસ ધ્યાને લઇ આરોપીને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય

તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછા દંડની સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી હાલના કેસમાં નીચે મુજબ હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

આરોપીને તેઓ સામે **કારખાના ધારા–૧૯૪૮ ની કલમ–૬૧ સાથે વાંચતા ગુજરાત કારખાનાનાં નિયમો–૧૯૬૩ ના નિયમ–૮૭ ના ભંગ**ના ઉલ્લંધન બદલ સદરહું અધિનિયમની **કલમ–૯૨** મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે ઉપરોકત નિયમના ઉલ્લંધન માટે તકસીરવાર ઠરાવી **રૂ.૭,૦૦૦/–(અંકે રૂપિયા સાત હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબના સદર કામે કુલ **રૂા.૭,૦૦૦/–(અંકે રૂપિયા સાત હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ દરમિયાન વાંચી,સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. – ૧૪/૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મજૂર અદાલત નં.૨,સુરત
**U.I.C.No.GJ01279**